# બાલાસિનોર વિદ્યામંડળ

-: સ્થાપના - ૧૯૬૮ :-

## રજત જયંતી પર્વ (૧૯૬૮-૧૯૯૪)

## ડૉ. અક્ષયકુમાર ર. દેસાઈ

***આજના મુખ્ય મહેમાનનો ટૂંક પરિચય***

ઈ. સ. ૧૯૧૫માં સાહિત્યકાર - વાર્તાકાર પિતા રમણલાલ વસંતલાલ દેસાઈને ત્યાં જન્મ. બી.એ., એલ.એલ.બી. તથા સમાજશાસ્ત્રમાં પી.એચ.ડી. સુધીનો અભ્યાસ. ૧૯૩૦ થી ૪૨નાં વર્ષો દરમ્યાન સ્વાતંત્ર્ય સંઘર્ષમાં સક્રિય ભાગ લીધો હતો, તદુપરાંત વિદ્યાર્થી-યુવક, કિસાન-મઝદૂર, હરિજન-આદિવાસી પ્રવૃત્તિમાં ભાગ લઈ તેમના રોજબરોજના પ્રશ્નો ઉકેલવા પ્રયત્નો કર્યા. વકીલાત, પત્રકારીત્વ અને જનશિક્ષણ માટે નાની નાની પુસ્તિકાઓનું પ્રકાશન કાર્ય પણ હાથ ધર્યું. મુંબઈની સિદ્ધાર્થ કોલજમાં શૈક્ષણિક કારકિર્દીનો પ્રારંભ કર્યો. ૧૯૫૧ થી ૭૬ ૨૫ વર્ષ મુંબઈ યુનિવર્સિટીમાં પોષ્ટ ગ્રેજ્યુએટ (M.A.) ક્ષેત્રે સમાજશાસ્ત્ર વિભાગના પ્રાધાપક અને પાછળથી નિવૃત્તિ કાળે તે વિભાગના વડા (Head of the department) હતા.

પુસ્તક પ્રકાશનની પ્રવૃત્તિમાં અંગ્રેજીમાં પ્રકાશનો-સંપાદન કરી ૩૫ જેટલાં તેમજ ગુજરાતીમાં ૩૦ જેટલાં અને વીસ નાની પુસ્તિકા પ્રગટ કરી છે. આ સિવાય 'પ્રવાસી' - 'જનશક્તિ' તથા અન્ય વૃત્તપત્રો - સામયિકોના કટારલેખક તરીકે અનેક લેખો લખ્યા છે. દસ વર્ષથી ગુજરાતી સામયિકનું સંપાદન-પ્રકાશન કરે છે.

ગુજરાત સમાજશાસ્ત્ર સંગઠનના સભ્ય અને પાછળથી પ્રમુખ તરીકે તેમજ ગુજરાતની કોલજ-યુનિવર્સિટીમાં વ્યાખ્યાનો આપ્યા અને સંશોધન લેખો રજૂ કરતા રહ્યા. તેમના માર્ગદર્શન નીચે બાવીસ વિદ્યાર્થીઓએ વિવિધ ક્ષેત્રોમાં પી.એચ.ડી. માટે સંશોધન ગ્રંથો તૈયાર કર્યા છે.

ખાસ આમંત્રણથી પરિસંવાદો, કોન્ફરન્સો, વ્યાખ્યાનો માટે પરદેશમાં હોલેન્ડ, ફ્રાન્સ, જર્મની, સ્વીટઝરલેન્ડ, ઈટાલી, યુ.એસ.એ., કેનેડા મેક્સીકો, થાઈલેન્ડ, રશિયા વગેરે દેશોમાં જઈને પોતાના બહોળા જ્ઞાન-અનુભવનો લાભ આપ્યો છે.

ઘણાં માન - અકરામો મળ્યાં છે. શ્રેષ્ઠ સમાજશાસ્ત્રી તરીકે આઈ.સી.એસ.આર. અને ૧૯૯૦માં ભારતના સમાજશાસ્ત્રના શ્રેષ્ઠ અભ્યાસી તરીકે પ્રાપ્ત કરેલ **નહેરૂ એવોર્ડ** મુખ્ય છે.

અંગ્રેજી-ગુજરાતીમાં સંશોધન-પ્રકાશન પ્રવૃત્તિ હજુ આજે પણ ચાલુ જ રાખી છે. આઝાદ ભારતમાં સંવેદનશીલ-નિઃસ્વાર્થ કાર્યકરો તૈયાર કરવા અભ્યાસો, શિબિરો, પરિસંવાદો યોજી રહ્યા છે. સામાન્ય જનતાને પોષાય એવાં વૈજ્ઞાનિક પ્રકાશનોની પ્રવૃત્તિ પણ કરે છે. આ સિવાય ભારત તથા પરદેશમાં સમાજસેવા અને શૈક્ષણિક કાર્યોમાં પરોવાયેલાં સંગઠનો સાથે સંપર્ક જાળવી રહ્યા છે.

સહચારિણી ડૉ. નીરા દેસાઈ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીના સમાજશાસ્ત્રના નિવૃત્ત પ્રોફેસર અને મહિલાઓની સમસ્યાઓ અંગે સંશોધનસંસ્થાનાં સ્થાપક, સંચાલક અને ગુજરાતના આદિવાસી-વિસ્તારમાં ઉદવાડા આપસપાસના ગામોમાં મહિલા જાગૃતિ, તેમની સમશ્યાઓ, સંગઠનો અને કાર્યક્રમ માટે લખાણો-પરિસંવાદો વગેરે કાર્ય કરે છે.

આવા પરમ વિદ્ધાન, પોતાના વિષયના નિષ્ણાત અને સમાજસેવાને વરેલા ***શ્રી અક્ષયકુમાર ર. દેસાઈ*** આજના પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે અહીં ઉપસ્થિત રહ્યા તે આપણી ખુશનસીબી છે.

CLASSIC : 628 2581 / 308 6660 (10/4/94)